For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

હવામાન વિભાગે ૧૫ સપ્ટેમ્બર સુધી ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કર્યું

વડોદરામાં લાંબા અંતરાલ બાદ મેઘરાજાની એન્ટ્રી, વાતાવરણમાં ઠંડક પ્રસરી

આગામી બે દિવસ ગાજવીજ સાથે 40 કિમીના પવનની ચેતવણી : સાંજે 8 વાગ્યા સુધી શહેરમાં 18 મી.મી. વરસાદ

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

વડોદરામાં લાંબા સમયના અંતરાલ બાદ શનિવારે વહેલી સવારે અને સાંજે મેઘરાજાએ કાળા ડિબાંગ વાદળોની ફોજ અને વીજળીની ગાજવીજ સાથે એન્ટ્રી કરી હતી. જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. અચાનક આવેલા હવામાનમાં પલટાને લઈ વરસાદમાં વાહનચાલકો સમેત અનેક લોકો અટવાયા હતા. જ્યારે કેટલાકે રેઈનકોટ છત્રીનો સહારો લેવો પડ્યો હતો.

હવામાન વિભાગે તા.12 થી 17 સપ્ટેમ્બર સુધી હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરી છે. જોકે 12 થી 15 સપ્ટેમ્બર દરમિયાન કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરાઈ છે, જેને પગલે વડોદરા માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના વડોદરા કેન્દ્ર દ્વારા શનિવારે શહેરનું મહત્તમ તાપમાન 33.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જે સામાન્ય કરતા 1.0 ડિગ્રી વધુ છે. જ્યારે લઘુત્તમ તાપમાન 27.6 ડિગ્રી નોંધાયું છે, જે સામાન્ય કરતા 2.4 ડિગ્રી વધુ છે. સવારે હવામાં ભેજનું પ્રમાણ 85 ટકા અને સાંજે 81 ટકા રહ્યું હતું. છેલ્લા 24 કલાકમાં 0.1 મીમી વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે આગામી સાત દિવસની આગાહી કરતા જણાવ્યું છે કે તા.12 અને 13 સપ્ટેમ્બરના રોજ વડોદરામાં ગાજવીજ સાથે વરસાદ અને ભારે વરસાદની શક્યતા છે, જેથી યલો એલર્ટ અપાયું છે. આ બંને દિવસે લઘુત્તમ તાપમાન 26 થી 27 ડિગ્રી અને મહત્તમ 32 થી 34 ડિગ્રીની આસપાસ રહેશે. જ્યારે તા.14 અને 15 સપ્ટેમ્બરના રોજ પણ ગાજવીજ સાથે વરસાદની આગાહી છે અને આ દરમિયાન વીજળીના કડાકા-ભડાકા સાથે 30 થી 40 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની શક્યતાને પગલે યલો એલર્ટ યથાવત રખાયું છે. ત્યારબાદ તા.16, 17 અને 18 સપ્ટેમ્બરના રોજ વાતાવરણ સામાન્ય રીતે વાદળછાયું રહેશે અને હળવા ઝાપટા કે છાંટા પડી શકે છે, આ ત્રણ દિવસ માટે કોઈ ચેતવણી આપવામાં આવી નથી.

જળ સપાટી

રાત્રે 8 વાગ્યા સુધીના આંકડા ફૂટમાં

આજવા સરોવર	209.72
પ્રતાપપુરા	224.43
વિશ્વામિત્રી નદી સ્થળ	
અકોટા	7.97
કાલાઘોડા	6.16
મંગલ પાંડે બ્રિજ	4.84
મુજમહુડા	5.20
સમા -હરણી	3.81
વડસર	2.19
આસોજ ફીડર	1.05

કાળા ડિબાંગ વાદળો છવાઈ જતાં સાંજે પાંચ વાગ્યાના અરસામાં અંધારપટ જેવી સ્થિતિ સર્જાઈ હતી. આકાશમાં ઘેરાયેલા વાદળોના કારણે દૃશ્યતા ઘટી જતાં વાહનચાલકોને સાવચેતીના ભાગરૂપે વાહનની હેડલાઈટ ચાલુ કરવાની ફરજ પડી હતી.

જિલ્લામાં છૂટો છવાયો વરસાદ, સરેરાશ ૧૪.૨૫ મીમી

જિલ્લા કન્ટ્રોલ રૂમ, મુજબ સાંજે 6 વાગ્યા સુધીમાં જિલ્લામાં સરેરાશ 14.25 મીમી વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ડભોઈ 24 મીમી અને સિનોરમાં 19 મીમી વરસાદ પડ્યો છે. વાઘોડિયામાં 23 મીમી, કરજણમાં 12 મીમી વરસાદ નોંધાયો છે, જ્યારે સાવલી, વડોદરા, પાદરા અને ડેસરમાં આજે વરસાદ નોંધાયો નથી. ચાલુ ચોમાસાની સિઝનનો કુલ વરસાદ 534.38 મીમી થયો છે. જેમાં સૌથી વધુ શિનોરમાં 803 મીમી, ડભોઈમાં 639 મીમી, વડોદરામાં 567 મીમી, પાદરામાં 554 મીમી, ડેસરમાં 491 મીમી, કરજણમાં 481 મીમી, વાઘોડિયામાં 395 મીમી અને સૌથી ઓછો સાવલીમાં 345 મીમી વરસાદ નોંધાયો છે.

વિશ્વામિત્રી અને આજવાની જળસપાટીમાં વધારો

શહેરમાં શનિવારે વહેલી સવારથી સાંજ સુધી પડેલા છૂટાછવાયા વરસાદ બાદ વિશ્વામિત્રી નદીની જળસપાટીમાં વધારો નોંધાયો છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા જાહેર કરાયેલા વોટર લેવલ સ્ટેટેસ્ટિક્સ મુજબ નદીના વિવિધ બ્રિજ પર પાણીનું લેવલ વધ્યું છે. પાલિકાના તા.12ના સાંજે 7.18 વાગ્યા સુધીના ડેટા મુજબ સૌથી વધુ સપાટી આજવા ડેમની 209.72 ફૂટ નોંધાઈ છે, જ્યારે પ્રતાપપુરા ડેમની સપાટી 224.33 ફૂટ પર પહોંચી છે.

શેરબજાર-ઇન્વેસ્ટમેન્ટમાં કરોડોના નફાની લાલચ, વિદેશી નોકરીના નામે છેતરપિંડી

વડોદરામાં પાંચ સાયબર ક્રાઈમમાં ૧.૩૯ કરોડથી વધુની નિર્દોષો સાથે છેતરપિંડી

(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરામાં સાયબર ઠગોએ અલગ-અલગ તરકીબો અજમાવી પાંચ લોકોને નિશાન બનાવી કુલ રૂ.1.39 કરોડથી વધુની છેતરપિંડી આચરી હોવાના કિસ્સા સામે આવ્યા છે. સેવાસીના વેપારીને શેરબજારમાં થયેલું રૂ.7 લાખનું નુકસાન રિકવર કરાવી રોજના 10થી 25 ટકા નફાની લાલચ આપી ફેક એપ મારફતે રૂ.1.03 કરોડ પડાવાયા હતા. અન્ય એક વેપારીને સ્પેનમાં સારા પગારની નોકરી અને વર્ક પરમિટના વચન આપી રૂ.9.50 લાખ પડાવી વિઝિટર વિઝા પર મોકલાયો હતો. સરકારી મહિલા કર્મચારીને ઈન્સ્ટાગ્રામ પર વિદેશી ડોક્ટર બની મિત્રતા કેળવી સારવાર, ડોનેશન અને કાનૂની ખર્ચના બહાને રૂ.16.99 લાખ પડાવાયા હતા. ન્યૂ સમાના એન્જિનિયરને રૂ.6 લાખની લોન અપાવવાના નામે રૂ.5.29 લાખ તથા હરણીના વ્યક્તિને 127 ટકા નફાની લાલચ આપી ફેક એપ મારફતે રૂ.4.49 લાખ પડાવાયા હતા. પોલીસે અલગ-અલગ ફરિયાદો નોંધી તપાસ શરૂ કરી છે.

ફેક એપ, બોગસ દસ્તાવેજ અને સોશિયલ મીડિયા મિત્રતાના સહારે ઠગોએ વિશ્વાસ જીત્યો

શેરબજારમાં કરોડોના નફાની લાલચ આપી વેપારી પાસેથી રૂ.૧.૦૩ કરોડ પડાવ્યા

વડોદરાના સેવાસી વિસ્તારમાં રહેતા 37 વર્ષીય વેપારીને શેરબજારમાં થયેલું રૂ.7 લાખનું નુકસાન

ટ્રેડિંગથી રિકવર કરાવવાની લાલચ આપી સાયબર ઠગોએ રૂ.1.03 કરોડ પડાવી લીધા હતા. ફરિયાદ મુજબ 14 માર્ચ 2025ના રોજ અજાણ્યા શખ્સે ફોન કરી પોતે SEBI રજિસ્ટર્ડ કંપની સાથે સંકળાયેલો હોવાનું કહી વિશ્વાસ જીત્યો હતો. બાદમાં ABBOTT Wealth Management એપ ડાઉનલોડ કરાવી KYC કરાવ્યું અને વોટ્સએપ ગ્રુપમાં જોડ્યા હતા. ગ્રુપમાં પ્રિ-IPO તથા શેરબજારમાં 10થી 25 ટકા નફાની લાલચ આપવામાં આવી હતી. શરૂઆતમાં રૂ.15 હજારના રોકાણ સામે એપમાં રૂ.18 હજારનો નફો બતાવી વિશ્વાસ કેળવાયો હતો. ત્યારબાદ 11 એપ્રિલથી 13 મે દરમિયાન અલગ-અલગ બેંક ખાતામાં રૂ.1.03 કરોડ ટ્રાન્સફર કરાવ્યા હતા. એપમાં નફો રૂ.3 કરોડ દર્શાવાયો હતો. રકમ ઉપાડવા જતા વધુ પૈસાની માંગણી થતાં ઠગાઈનો ભોગ બન્યાનો અહેસાસ થયો હતો.

સ્પેનમાં નોકરીની લાલચ આપી સિનિયર સિટીઝન પાસેથી રૂ.૧.૫૦ લાખ ખંખેર્યા

વડોદરાના સમા વિસ્તારમાં રહેતા સિનિયર સિટીઝન વેપારીને સ્પેનમાં સારા પગારની

નોકરી અને વર્ક પરમિટ વિઝા અપાવવાની લાલચ આપી ચાર શખ્સોએ રૂ.9.50 લાખ પડાવી લીધા હોવાની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ મુજબ છાણીના શૈલેષભાઈ પરમાર, આણંદના દિનેશભાઈ પટેલ, ઈમ્તિયાઝ યુનુસભાઈ વોરા તથા મુંબઈના કેપ્ટન નામના શખ્સે વેપારી બળવંતસિંહ પરમારનો વિશ્વાસ કેળવી વિઝા, ટિકિટ અને નોકરી અપાવવાની વાત કરી હતી. આરોપીઓએ અલગ-અલગ રીતે રૂ.9.50 લાખ મેળવ્યા બાદ વર્ક પરમિટના બદલે વિઝિટર વિઝા આપી તેમને સ્પેન મોકલી દીધા હતા. સ્પેન પહોંચ્યા બાદ નોકરી અને વર્ક પરમિટ ન મળતાં વેપારીએ સંપર્ક કર્યો હતો. ત્યારે વધુ નાણાંની માગણી કરી નાણાં નહીં આપે તો ફસાવી દેવાની ધમકી અપાઈ હોવાનો આક્ષેપ છે. પોલીસે ચારેય સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઇન્સ્ટાગ્રામ પર વિદેશી ડોક્ટરની મિત્રતા, મહિલા કર્મચારી પાસેથી રૂ.૧૬.૯૯ લાખની ઠગાઈ

વડોદરાની 36 વર્ષીય સરકારી મહિલા કર્મચારીને ઇન્સ્ટાગ્રામ પર વિદેશી તબીબ તરીકે ઓળખ આપનાર ભેજાબાજે મિત્રતા કેળવી હતી. ત્યારબાદ દીકરી અને માતાની સારવાર, ભૂકંપગ્રસ્તોને ડોનેશન, ફ્લાઇટ ટિકિટ, ફ્રીઝ બેન્ક એકાઉન્ટ અનફ્રીઝ કરાવવા તથા વકીલની ફી સહિતના બહાના કાઢી અલગ-અલગ ખાતામાં રૂ.16.99 લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા. મહિલા ઇલેક્ટ્રિકલ ઇન્સ્પેક્ટર કચેરીમાં જુનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. જુલાઈ-2024માં Lucas Nathan નામની પ્રોફાઇલથી સંપર્ક કરનાર શખ્સે પોતે ડેનમાર્કમાં ફરજ બજાવતો ડો. નાથન હોવાનું જણાવ્યું હતું. શંકા જતા મહિલાએ ફોટો ગુગલ પર સર્ચ કરતાં પ્રોફાઇલ ફેક હોવાનું બહાર આવ્યું હતું. મૂળ ડોક્ટરની પ્રોફાઇલ મળતાં ઠગાઈનો ભોગ બન્યાની જાણ થઈ હતી. તાલુકા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

રૂ.૬ લાખની લોનની લાલચ આપી એન્જિનિયર પાસેથી રૂ.૫.૨૯ લાખ પડાવ્યા

ન્યૂ સમા વિસ્તારમાં ખાનગી કંપનીના એન્જિનિયરને બજાજ ફાઇનાન્સમાંથી રૂ.6 લાખની ઓનલાઈન લોન અપાવવાની લાલચ આપી સાયબર ઠગોએ રૂ.5.29 લાખ પડાવી લીધા હતા. સૈનિક સોસાયટીમાં રહેતા દીપુકુમાર ગૌતમ દુબેનો ઠગોએ મોબાઇલ નંબર અને ઈ-મેલ મારફતે સંપર્ક કર્યો હતો. લોન પ્રક્રિયા માટે એપ ડાઉનલોડ કરાવી આરોપીઓએ તેમની જાણ બહાર રૂ.6 લાખના બદલે રૂ.8.78 લાખની લોન મંજૂર કરાવી હતી. વધારાના રૂ.2.79 લાખ ખાતામાં જમા કરાવી અલગ ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા. બાદમાં બોગસ લોન એકાઉન્ટ નંબર તથા સહી-સિક્કાવાળી નકલી રસીદ મોકલી વિશ્વાસ જીત્યો હતો. EMI સેટલમેન્ટના બહાને વધુ રૂ.2.50 લાખ પડાવ્યા હતા. છેતરપિંડી થતાં સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ છે.

૧૨૭% નફાની લાલચમાં હરણીના વ્યક્તિ પાસેથી રૂ.૪.૪૯ લાખની સાયબર ઠગાઈ

હરણી વિસ્તારમાં રહેતા 42 વર્ષીય વ્યક્તિને ઓનલાઈન ઇન્વેસ્ટમેન્ટમાં 127 ટકા નફાની લાલચ આપી સાયબર ઠગોએ રૂ.4.49 લાખ પડાવી લીધા હતા. ફરિયાદ મુજબ ઠગોએ લિંક મોકલી GBXon નામની ફેક એપ ડાઉનલોડ કરાવી હતી. બાદમાં વોટ્સએપ ગ્રુપમાં ઉમેરી ઓનલાઈન ટ્રેડિંગમાં ઊંચું વળતર મળવાની લાલચ આપી હતી. વિશ્વાસ સંપાદન કરવા આરોપીઓએ SEBIની મંજૂરી દર્શાવતા બનાવટી સર્ટિફિકેટ અને દસ્તાવેજો મોકલ્યા હતા. તેમની વાતમાં આવી ફરિયાદીએ આરોપીઓના કહેવાથી અલગ-અલગ બેંક ખાતામાં ટુકડે-ટુકડે રૂ.4.49 લાખ ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા તેમણે સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીઓની ઓળખ અને નાણાકીય વ્યવહારોની કડીઓ શોધવા તપાસ હાથ ધરી છે.

માર્કેટ ચાર રસ્તા અને ગુરુદ્વારા સર્કલ પાસે પોલીસની કાર્યવાહી

રાત્રીના ૧૦ વાગ્યા પછી ડીજેના ધમધમાટ પર પોલીસની લાલ આંખ!

ગણેશ આગમન યાત્રામા જાહેરનામાનો ભંગ કરનાર ડીજેના સંચાલકો સહિત ૪ સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.12

ગણેશજીના આગમનને લઈને શહેરમાં ડીજેના તાલે ઉજવણી વચ્ચે રાત્રિના નિયત સમયની મર્યાદા ભૂલનારા સંચાલકો સામે વડોદરા પોલીસે હવે સપાટો બોલાવ્યો છે. રાત્રે 10 વાગ્યા બાદ પણ જાહેર રોડ પર ડીજેના ધમધમાટ વચ્ચે ઘોંઘાટ કરનારા ચાર શખ્સો સામે નવાપુરા અને મકરપુરા પોલીસે જાહેરનામાના ભંગનો ગુનો નોંધી કાર્યવાહી કરી છે. માર્કેટ ચાર રસ્તા અને ગુરુદ્વારા સર્કલ પાસે થયેલી આ કાર્યવાહીથી મોડી રાત સુધી ડીજે વગાડતા સંચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

ગણેશ આગમન યાત્રાના બંદોબસ્ત દરમિયાન નવાપુરા પોલીસની ટીમ માર્કેટ ચાર રસ્તા પર હાજર હતી. દરમિયાન રાત્રે 10.30 વાગ્યાના અરસામાં જાહેર રોડ પર મોટા અવાજે ડીજે વાગતો હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું. તપાસ કરતાં ડીજે માલિક હિરેનભાઈ ધીરજભાઈ ખારવા પાસે માત્ર રાત્રે 10 વાગ્યા સુધીની પરમિશન હોવાનું સામે આવ્યું હતું. આમ, પરમિશનનો સમય પૂર્ણ થયા બાદ પણ ડીજે ચાલુ રાખી જાહેરનામાનો ભંગ કરતાં પોલીસે ગુનો નોંધ્યો હતો.

બીજી તરફ મકરપુરા પોલીસને ગુરુદ્વારા સર્કલ પાસે ખોડિયાર પ્રોવિઝન સ્ટોર સામે રાત્રે 12.10 વાગ્યે ડીજે ધમધમતું હોવાની જાણ થઈ હતી. પોલીસે સ્થળ પર તપાસ કરતાં ડીજેનો અવાજ 80 ડેસિબલ નોંધાયો હતો. તપાસમાં મંગલદીપ યુવક મંડળના આયોજક હરેન્દ્રસિંહ રાઠોડ, ડીજે વગાડનાર જૈમિન રાજપુત અને ડીજે સિસ્ટમના માલિક યોગેશસિંહ પરમારની સંડોવણી સામે આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ રાત્રે 10થી સવારે 6 વાગ્યા સુધી ડીજે, લાઉડસ્પીકર અને અન્ય વાજિંત્રો વગાડવા પર પ્રતિબંધ હોવા છતાં બંને સ્થળે નિયમોનો ભંગ કરવામાં આવ્યો હતો. આ મામલે ભારતીય ન્યાય સંહિતાની કલમ 223 તથા જી.પી. એક્ટની સંબંધિત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

SMCએ રૂ.૮.૪૭ લાખનો દારૂ-બિયરનો જથ્થો ઝડપી પાડયો, કપુરાઈ પોલીસ કુંભકર્ણની નિંદ્રામાં

૨,૨૦૮ બોટલ સહિત રૂ.૧૭.૦૭ લાખનો મુદ્દામાલ કબજે : દારૂ લાવનારની ધરપકડ

(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરા શહેરમાં ગેરકાયદે દારૂની હેરાફેરી સામે સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC)એ કાર્યવાહી તેજ કરી છે. કપુરાઈ પોલીસ સ્ટેશનની હદમાં રિધ્ધી-સિધ્ધી સોસાયટીના કોમન પ્લોટ પાસે SMCની ટીમે બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. જેમાં રૂ.8.47 લાખની કિંમતની વિદેશી દારૂ-બીયરની આશરે 66 પેટીમાંથી 2,208 બોટલ ઝડપી પાડવામાં આવી હતી.

SMCના પીઆઈ વાય.જે. રાઠોડની ટીમે કરેલી કાર્યવાહીમાં દારૂના જથ્થા ઉપરાંત બે વાહન અને એક મોબાઈલ ફોન સહિત કુલ રૂ.17.07 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. સ્થળ પરથી નિખીલ ભરત તડવી (રહે. વધેલી, તા. તિલકવાડા, જિ. નર્મદા)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. જ્યારે દારૂની હેરાફેરીમાં સંડોવાયેલા અન્ય આઠ શખ્સોને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ હાથ ધરાઈ છે.

વોન્ટેડ આરોપીઓની શોધખોળ

વોન્ટેડ આરોપીઓમાં વિપુલભાઈ રમેશભાઈ પંચાલ (કૃષ્ણનગર, ઘાઘરેટીયા ગામ), સંદિપ ઉર્ફે પુકો પુઠો રાજુભાઈ રાજપુત (બાબુભાઈની ચાલી, ડભોઈ રોડ), ભાવેશ ચંન્દ્રકાંત રાજપુત (વેદાંત રેસીડન્સી, સોમાતળાવ), આષીશ હસમુખભાઈ બારિયા (કૃષ્ણનગર, ઘાઘરેટીયા ગામ) અને આતિષ વિનોદભાઈ ઠાકોર (જયનારાયણ નગર, ડભોઈ રોડ)નો સમાવેશ થાય છે. ઉપરાંત પકડાયેલા વાહનોના માલિકો તથા દારૂ સપ્લાય કરનાર સહિત ત્રણ શખ્સોને પણ વોન્ટેડ જાહેર કરાયા છે. SMCની કાર્યવાહીએ સ્થાનિક પોલીસની કામગીરી સામે પણ સવાલો ઊભા કર્યા છે.

તબીબી વિદ્યાર્થીઓ માટે નેશનલ મેડિકલ કમિશનની ભેટ

રાજ્યમાં MBBSની ૨૫૦ નવી બેઠકો મંજૂર, દેશમાં ડોક્ટરોની કુલ સંખ્યા ૧.૪૦ લાખને પાર

સરકારી કોલેજોમાં ૨૭૮૬ અને ખાનગીમાં ૧૦૪૦૦ સીટ વધી

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

ડોક્ટર બનવાનું સપનું જોઈ રહેલા ગુજરાતના હજારો નીટ એસ્પિરન્ટ્સ માટે સૌથી મોટા રાહતના સમાચાર સામે આવ્યા છે. નેશનલ મેડિકલ કમિશન દ્વારા જાહેર કરાયેલા નવા સીટ મેટ્રિક્સમાં ગુજરાતને મોટી ભેટ આપવામાં આવી છે.

એનએમસીની નવી યાદી મુજબ ગુજરાતમાં એમબીબીએસની 250 જેટલી નવી બેઠકોનો વધારો કરવામાં આવ્યો છે. આ વધારાથી રાજ્યમાં એમબીબીએસની પ્રવેશ પ્રક્રિયા દરમિયાન કટ-ઓફ મેરિટમાં ઘટાડો આવશે અને વધુ વિદ્યાર્થીઓને સરકારી અને ખાનગી કોલેજોમાં પ્રવેશ મળવાની તક વધશે. એનએમસી દ્વારા સમગ્ર દેશમાં એમબીબીએસની કુલ 13,186 નવી સીટોનો વધારો કરાયો છે. આ વધારા બાદ દેશમાં એઆઈઆઈએમએસ જેવી રાષ્ટ્રીય મહત્વની સંસ્થાઓને બાદ કરતા એમબીબીએસની કુલ બેઠકોની સંખ્યા 1,40,214 પર પહોંચી ગઈ છે. આ 13,186 બેઠકોમાં સૌથી મોટો વધારો ખાનગી ક્ષેત્રમાં થયો છે. ખાનગી મેડિકલ કોલેજોમાં 10,400 નવી સીટો મંજૂર કરાઈ છે, જ્યારે સરકારી મેડિકલ કોલેજોમાં 2,786 બેઠકોનો વધારો કરવામાં આવ્યો છે. આ નિર્ણયને કારણે તબીબી શિક્ષણ ક્ષેત્રે ગુજરાત સહિત સમગ્ર દેશમાં ડોક્ટરોની અછત દૂર કરવામાં મોટી મદદ મળશે તેવું માનવામાં આવી રહ્યું છે.

જમીન કૌભાંડના મુખ્ય આરોપી અમિત શાહના ચાર દિવસના રિમાન્ડ

(પ્રતિનિધિ) વડોદરા તા.12

માંજલપુરની ટેન્સાઈલ સ્ટીલ લિમિટેડની કરોડો રૂપિયાની જમીન ગેરકાયદે લીઝ પર આપી પચાવી પાડવાના કથિત કૌભાંડમાં ક્રાઈમ બ્રાન્ચે કંપનીના પૂર્વ ડિરેક્ટર અમિત મુકેશ શાહની ધરપકડ કરી છે. આરોપીને કોર્ટમાં રજૂ કરતાં ચાર દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર થયા છે.

ફરિયાદ મુજબ અમિત શાહે ડિરેક્ટર પદેથી રાજીનામું આપ્યા બાદ પણ પોતાને કંપનીના અધિકૃત પ્રતિનિધિ તરીકે રજૂ કરી લેટરહેડ, સીલ અને દસ્તાવેજોનો દુરુપયોગ કર્યો હતો. આરોપીઓએ કથિત રીતે ખોટું બોર્ડ રિઝોલ્યુશન અને બનાવટી લીઝ ડીડ તૈયાર કરી કંપનીની કિંમતી જમીન શ્રીમ કન્સ્ટ્રક્શન પ્રા. લિ.ના હિતમાં 30 વર્ષ તથા ત્યારબાદ કાયમી ધોરણે અત્યંત ઓછા ભાડે લીઝ પર આપવાનો પ્રયાસ કર્યો હતો. રિમાન્ડ દરમિયાન પોલીસે બનાવટી દસ્તાવેજો, જમીન વ્યવહારો, નાણાકીય લેવડદેવડ તથા અન્ય આરોપીઓની ભૂમિકા અંગે પૂછપરછ હાથ ધરશે.

રૂ.૧૩ કરોડના કોન્ટ્રાક્ટને બીજા જ દિવસે સ્ટે મળ્યો

હાઈકોર્ટની ટકોર બાદ ૨૭ ગ્રાન્ટેડ લો કોલેજોમાં ૧૦૮ લેક્ચરરની આઉટસોર્સિંગ ભરતી રદ

શિક્ષણનું ખાનગીકરણ કેવી રીતે કરી શકાય? હાઈકોર્ટનો સરકારને સવાલ

લોના વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા થવાની દલીલ બાદ શિક્ષણ વિભાગે તમામ 108 વર્કઓર્ડર રદ કરતો પરિપત્ર જાહેર કર્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

રાજ્યની 27 ગ્રાન્ટેડ લો કોલેજોમાં લાંબા સમયથી ખાલી પડેલી લેક્ચરરની જગ્યાઓ ભરવા માટે આઉટસોર્સિંગથી 108 લેક્ચરરની ભરતી કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય હાઈકોર્ટની ટકોર બાદ રદ કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા આ ભરતી માટે ખાનગી એજન્સીને રૂ.13 કરોડનો કોન્ટ્રાક્ટ આપી વર્કઓર્ડર અપાયા હતા. જોકે, આ નિર્ણય સામે શિક્ષણવિદો અને વકીલ મંડળ દ્વારા હાઈકોર્ટમાં પિટિશન કરવામાં આવતા મામલો વણસ્યો હતો.

પિટિશનમાં દલીલ કરવામાં આવી હતી કે ગ્રાન્ટેડ લો કોલેજોમાં કાયમી ભરતી કરવાને બદલે આઉટસોર્સિંગથી કામચલાઉ લેક્ચરરોની નિમણૂક કરવાથી શિક્ષણની ગુણવત્તા પર અસર પડી શકે છે. ખાસ કરીને કાયદા જેવા ગંભીર અને વ્યવસાયલક્ષી વિષયમાં લાયકાત ધરાવતા કાયમી અધ્યાપકોની ભરતી જરૂરી હોવાનું રજૂ કરવામાં આવ્યું હતું. સરકાર દ્વારા જીપીએસસી મારફતે કાયમી ભરતી કરવાની માગ પણ કરવામાં આવી હતી.

મામલાની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે સરકારના નિર્ણય અંગે આકરી ટકોર કરી હતી. કોર્ટ દ્વારા શિક્ષણના ક્ષેત્રમાં આ પ્રકારના આઉટસોર્સિંગ અંગે સવાલ ઉઠાવી જણાવાયું હતું કે સરકાર આવી રીતે શિક્ષણનું ખાનગીકરણ કેવી રીતે કરી શકે? લો કોલેજોમાં કોન્ટ્રાક્ટ આધારિત અથવા પૂરતી લાયકાત વગરના લેક્ચરરોની નિમણૂકથી કાયદાના શિક્ષણના સ્તર પર અસર થવાની શક્યતા પણ કોર્ટે વ્યક્ત કરી હતી.

હાઈકોર્ટે કોન્ટ્રાક્ટના બીજા જ દિવસે રૂ.13 કરોડની કામગીરી પર સ્ટે આપ્યો હતો. ત્યારબાદ શિક્ષણ વિભાગ હરકતમાં આવ્યું હતું અને આખરે 108 લેક્ચરરને અપાયેલા તમામ વર્કઓર્ડર રદ કરવાનો પરિપત્ર જાહેર કર્યો છે. હવે ખાલી જગ્યાઓ કાયમી ધોરણે ભરવા માટે જીપીએસસી અને કેસીજી મારફતે પ્રક્રિયા હાથ ધરાય તેવી શક્યતા છે. હાઈકોર્ટના નિર્ણયને લો વિદ્યાર્થીઓ અને વકીલ આલમમાં આવકારવામાં આવી રહ્યો છે.

પૂર્વ ઝોનમાં ૧૬મીએ પાણીકાપ ૧૭મીએ હળવા દબાણે પુરવઠો

આજવા રોડ ટાંકીની મુખ્ય લાઇન પર નવા વાલ્વ બેસાડવાની કામગીરી; અસરગ્રસ્ત વિસ્તારોમાં પાણીનો જથ્થો અગાઉથી ભરવા સૂચના

(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરા મહાનગરપાલિકા દ્વારા પૂર્વ ઝોનમાં પાણીની મુખ્ય લાઇન પર કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી આગામી 16 સપ્ટેમ્બરના રોજ અનેક વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેશે.

આજવા રોડ ટાંકી ખાતે મુખ્ય ડિલિવરી લાઈન પર નવા વાલ્વ બેસાડવાની કામગીરી 16 સપ્ટેમ્બર, બુધવારે સવારે 9.30 કલાકે શરૂ કરવામાં આવશે. આ કામગીરીને કારણે આજવા રોડ ટાંકી ખાતેથી સવારે 9.30 કલાક બાદ પાણી મેળવતા વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ રહેશે. તેમજ સાંજના સમયે પણ પાણીનું વિતરણ કરવામાં આવશે નહીં. પરિણામે પૂર્વ ઝોનના અસરગ્રસ્ત વિસ્તારોમાં પાણી માટે કકળાટ સર્જાવાની શક્યતા છે. મહાનગરપાલિકાના જણાવ્યા મુજબ કામગીરી પૂર્ણ થયા બાદ 17 સપ્ટેમ્બરના રોજ આજવા રોડ ટાંકીથી સવારે આપવામાં આવતું પાણી વિલંબથી અને હળવા દબાણે આપવામાં આવશે. જેથી 16મીએ પાણીકાપ બાદ બીજા દિવસે પણ લોકોને સામાન્ય પુરવઠો મેળવવા માટે રાહ જોવી પડશે.મુખ્ય પાણીની લાઈન પરની કામગીરીના કારણે એક દિવસ પાણી વિતરણમાં મોટો વિક્ષેપ સર્જાવાનો હોવાથી અસરગ્રસ્ત વિસ્તારના રહેવાસીઓને પાણીનો જરૂરી જથ્થો અગાઉથી ભરી રાખવાની જરૂરિયાત ઊભી થઈ છે. મનપા દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોના રહેવાસીઓને પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે. ખાસ કરીને પીવાના પાણી સહિત રોજિંદી જરૂરિયાત માટે જરૂરી જથ્થો અગાઉથી સંગ્રહિત રાખવા સૂચના અપાઈ છે.